# 'દશકુમારચરિત'માં સ્ત્રીનિરૂપણ

પ્રા. માલાજી એન. સોલંકી

## ૧. પૂર્વભૂમિકા

સંસ્કૃત ગદ્ય સાહિત્યમાં અત્યંત મોખરાનું સ્થાન પ્રાપ્ત કરનાર કવિ દંડીએ પોતાના 'દશકુમારચરિત'નામના ગ્રંથમાં કેટલીક પ્રચલિત અને લોકપ્રિય કથાઓનું નિરૂપણ કર્યું છે. જેનું મૂળ આ પ્રમાણે છે: મિત્રગુપ્ત નામનો રાજકુમાર રાજવાહનની શોધમાં સુધ્યદેશના દામલિપ્ત નગરમાં રાજા તુંગધન્વાની પુત્રીની કંન્દુકક્રીડા વખતે પ્રથમ દૃષ્ટિએ જ બંને એક બીજાના પ્રેમમાં પડ્યા પરંતુ કંદુકાવતીના ભાઈ ભીમ ધન્વાના વિરોધ છતાં તેણે (ભીમધન્વા) એ ઊભી કરેલી મુશ્કેલીઓને તે (મિત્રગુપ્ત) કઈ રીતે પાર કરે છે તેનું નિરૂપણ આ કથાઓમાં જેવા મળે છે. આ ચાર ઉત્તરોના સમર્થન માટે દૃષ્ટાંતરૂપે મિત્રગુપ્તે તે બ્રહ્મરાક્ષસને ધુમીની, ગોમિની, નિમ્બવતી અને નિતમ્બવતીની કથાઓ કહી જે આછે.

મિત્રગુપ્ત કંદુકાવતીને પરણે તો ભીમધન્વાએ તેના આશ્રિત બનવું પડે અને વળી ચંદ્રસેના કોશદાસને આપવી પડે. આથી તેણે ઉપરથી ચિત્રગુપ્તને દરિયામાં ફેંકાવી દીધો અને ત્યાંથી પવનોએ તેને બચાવ્યો પછી તે નાવમાં આગળ વધતાં મધદરિયે પ્રતિકૂળ પવનથી યુવનોનું વહાણ એક અજાણા બેટ ઉપર પહોંચી ગયું. ત્યાં ચિત્રગુપ્ત એક સરોવરમાં સ્નાન કરવા ઉતર્યો, અને ત્યાં તેને એક બ્રહ્મરાક્ષસે રોક્યો અને તેને પૂછેલા ચાર પ્રશ્નોના બરાબર ઉત્તરો ન આપે તો તેને ખાઈ જવાની ધમકી આપી હતી તેમના પ્રશ્નો અને જવાબનો સંવાદ આ પ્રમાણે છે.

'कीं क्रूर 'स्त्रिहदयं' .किं गुहण: प्रियहिताय' 'दारगुण :' ।
'क: काम :' 'सकंल्प दुश्क्रसाधनं ', 'प्रक्षा। ।

## ૨. ધુમિનીની કથા

ત્રિગર્ત નામના એક દેશમાં ધનક, ધાન્યક અને ધન્યક નામના ત્રણ અત્યંત ધનવાન ભાઈઓ રહેતા હતા. એકવાર ત્યાં બાર વર્ષનો દુષ્કાળ પડ્યો. તેઓની બધી જ સંપત્તિ ખતમ થઈ ગઈ. પછી તેઓએ પોતાના પશુઓનું ભક્ષણ કર્યું અંતે તેઓ બે મોટાભાઈઓની પત્નીઓનું પણ ભક્ષણ કરી ગયા. અને હવે બીજે દિવસે નાનાભાઈની પત્નીનું ભક્ષણ કરીશું એમ તેઓએ નક્કી કર્યું. પરંતુ નાનો ભાઈ ધન્યક પત્નીને બચાવવા તે જ રાત્રે તેની પત્ની સાથે નાસી ગયો. થાકેલી પત્નીને ખભે ઊંચકીને તે વનમાં પ્રવેશ્યો. પોતાના માંસ અને રૂધિરથી તે તેની પત્નીની ભૂખ તરસને મિટાવતો જતો હતો હવે ત્યાં માર્ગમાં જ હાથ, પગ, કાન અને નાક કપાયેલા એક અપંગ માણસને તેણે જમીન પર તડપતો જોયો દયા આવવાથી ધન્યકે તેને પણ ખભા ઉપર ઊંચકી લીધી અને હવે બધાં ગહન વાની પર્ણશાળામાં રોકાયા, ધન્યકે તે અપંગનું પણ શાક અને માંસથી પોતાની જેમ જ પોષણ કર્યું અને ઈંગુદીનું તેલ તેના ઘા ઉપર લગાડયું. પૂરતા પોષણ અને દરકારથી અપંગ હવે પુષ્ટ શરીરવાળાં બન્યો. એકવાર જ્યારે ધન્યક હરણનો શિકાર કરવા ગર્યો ત્યારે ધૂમિનીતે પુષ્ટ શરીર અને સ્તંભિત વીર્યવાળા અપંગ પાસે સુરતક્રિયાની ઈચ્છાથી ગઈ. પેલાએ તેનો તિરસ્કારથી ઈન્કાર કરવા છતાં ધૂમિનીએ તેની પાસે બળાત્કારે રતિક્રીડા કરાવી. એ પછી વનમાંથી પાછા આવેલા પતિએ પાણીની યાચના કરતાં પત્નીએ કહ્યું કે,

"उद्‌धुत्प कूपात्पिब,रुजति शिर: शिरोरोग:"

“મારું માથું દુખે છે તમે જાતે કૂવામાંથી ખેંચીને પાણી પીઓ.

ધન્યક જ્યારે પાણી કાઢતો હતો ત્યારે પાછળથી જઈને તે સ્ત્રીએ ધક્કો માર્યો અને પેલા અપંગને ખભે ઉપાડીને એક ગામથી બીજે ગામ ફરવા લાગી. લોકોએ તેને મહાન પ્રતિવ્રતા અને સતી માની લીધી અને પ્રજાના સત્કાર અને અવંતીરાજાની કૃપાથી પુષ્કળ ધન પ્રાપ્ત કરીને મોજથી રહેવા લાગી.

હવે આ તરફ કૂવામાં પડેલા પન્ધકને પાણી પીવા આવેલા કોઈ વણિકે બહાર કાઢ્યો પછી ભીખ માગતો તે ઉજ્જયિનીમાં આવ્યો. માર્ગમા તેને જોઈને પેલી કુલટાએ જાહેર કર્યું કે,

"येनमे पतिर्विकलीकृतः स दुरात्माऽयम् ।"
‘જેણે મારા પતિને અપંગ બનાવ્યો તે આ દુષ્ટ છે.’

હવે અજાણ રાજાએ સાધુચરિત ધન્યને વધની શિક્ષા ફરમાવી વધભૂમિ તરફ જતાં માર્ગમાં તેણે રક્ષ કોને કહ્યું કે,

‘यो माया विकलीकुतोडभिमतो मिक्षु: स
चेम्पे- पापमाचिक्षत युक्तो मे दण्ड: I

'જો તે અપંગ આવીને જણાવે કે મે તેને અપંગ બનાવ્યો છે તો આ શિક્ષા યોગ્ય ગણાશે. છે’. હવે અપંગને પૂછપરછ માટે બોલાવ્યો અને આખમાં આંસુ સાથે તેણે ધન્યકનું સત્કાર્ય અને સતી બની બેઠેલી તે કુલટાનું દુચરિત્ર વર્ણવ્યું. પછી રાજાએ રોષપૂર્વક તે દુરાચારી સ્ત્રીને કદરૂપી બનાવી ચાંડાલીની જાહેર કરી અને ધન્યકને પોતાનો પ્રીતિપાત્ર બનાવ્યો.

તેથી મિત્રગુપ્તે બ્રહ્મરાક્ષસને કહ્યું કે આથી જ હું કરું છું કે સ્ત્રીનું હૃદય ક્રૂર હોય છે. ઉપરોક્ત ઉક્તિને ચરિતાર્થ કરતાં ऋग्वेद: सुत्कावली ના પુરુરવા અને ઉર્વશીના સંવાદ સુક્તમાં પણ ઉર્વશી કહે છે કે,

"पुरुरवो मा वृथ्था मा प्र पप्तो मा त्या वृकास्सो अशिवास्स उ श्वन |
न वै स्तीणानि संख्यानि सन्ति मालावृकाणां हृदयान्येता ।।

અર્થાત (ઉર્વશી) હે પુરુરવસ ! તું મરીશ મા, તું પ્રપાત મા કરીશ, અશુભ જંગલી વરુઓ પણ તને મા ખાવ. સ્ત્રીઓ સાથે કરેલાં સખ્યો (સાચા) હોતાં નથી કારણ કે તે (સ્ત્રીઓનાં સભ્યો તો) માલાવૃકોના હૃદયો જોતાં (અર્થાત્ પોતાના ઉપર વિશ્વાસ રાખનારની જ ઘાત કરનાર) હોય છે.

એટલે કે આ મંત્રમાં ઉર્વશીએ સ્ત્રીઓની સાથે સ્નેહસંબંધ ન બાંધવો કારણ કે એમનાં સંખ્યો તો સાલાવૃકોના હૃદયો જેવાં હોય છે. એકવાર વિશ્વાસ પેદા કરાવીને પછી વિશ્વાસુ વ્યક્તિનો પાત કરનારાં હોય છે એમ જાહેર કરે છે તેથી આ ઉક્તિ પરથી પણ સ્ત્રી હ્રદયની ક્રૂરતાના દર્શન થાય છે.

“कि गुहिण : प्रियहिताय’ ‘दारगुणा :
ગૃહસ્થના પ્રિય અને હિત માટે શું જરૂરી

### ૩. 'પત્નીના ગુણો'

બ્રહ્મરાક્ષસના પૂછવાથી તેણે પત્નીના ગુણોનો મહિમા કરતી વાત કહી. દ્રવિડ દેશના કાંચી નગરમાં એક કરોડપત્તિ વૈશ્ય પુત્ર રહેતો હતો. શક્તિકુમાર તેનું નામ હતું. તે અઢાર વર્ષનો થયો ત્યારે વિચારવા લાગ્યો કે સ્ત્રી વગરના અને અવગુણી સ્ત્રીવાળાને સુખ મળતું નથી. તો ગુણવાન સ્ત્રી કેવી રીતે પ્રાપ્ત કરવી ? બીજાઓ દ્વારા શોધી લેવાયેલ સ્ત્રીને બદલે પોતે જ બરાબર તપાસ કરીને ગુણવાન અને પત્ની તરીકે લાવવાનો વિચાર કરીને તેણે જોશીનો વેશ ધારણ કરી નીકળી પડ્યો. પોતાની કરી. પાસે માત્ર એક જ પ્રસ્થ ડાંગર લઈને તે અનેક જગ્યાએ ફરતો કોઈ કુલીન કન્યાને જોતાં તે પૂછતો કે "આ એક પ્રસ્થ ડાંગરમાંથી મને સારું ભોજન બનાવીને જમાડી શકશે ?" આ સાંભળી સૌ કન્યાઓ તેની હાંસી અને તિરસ્કાર કરતી, ફરતાં ફરતાં તેણે એક દિવસ કાવેરી નદીના દક્ષિણ ભાગના એક નગરમાં એક કન્યા જોઈ. તેના માતા-પિતા મૃત્યુ પામ્યા હતા. તેના ઘરની સંપત્તિ પણ નાશ પામી હતી. છતાં તે કન્યા નમ્ર, સપ્રમાણ અંગોવાળી અને સામુદ્રિક શાસ્ત્રોક્ત મંગલ લક્ષણો ધરાવતી હતી.

હવે તેને પણ એક જ પ્રશ્ન પૂછ્યો અને તે કન્યા એક પ્રસ્થ ડાંગર લઈને તેને સાફ કરી ચોખા અને કોતરા જુદાં પાડ્યાં, ફોતરા સોની પાસે મોકલાવી તેને વેચીને તેના બદલામાં લાકડાં હાંડી અને બે શાવલાં લઈ આવતાં ઉપમાતાને જણાવ્યું. ચોખાને છડીને આખા ચોખા અને કણકીને અલગ કર્યા. ચોખાને રાંધી લીધા પછી લાકડાને ઠારીને કોલસા પાડીને તેના બદલામાં શાક, ઘી, તેલ, આમલી વગેરે લઈ આવવા ઘસીને કહ્યું. ઉપર્યુક્ત ચીજો લાવતાં તેણે બે ત્રણ પ્રકારના શાક અને ઓસામણ તૈયાર કર્યાં. અતિથિને તેણે આમ અનેક વાનગી પૂર્ણ ભોજન પીરસ્યું. શક્તિકુમાર પ્રસન્ન થઈ ગયો અને તેની સાથે પરણી ગયો. પરણ્યા પછી શક્તિકુમાર આવી સુશીલ પત્નીની ઉપેક્ષા કરી તેની સમક્ષ જ ગણિકાને સેવવા લાગ્યો. તે સ્ત્રીએ ગણિકા સાથે પણ પોતાની સખી જેવો જ વ્યવહાર કર્યાં અને અપરાધી પતિની પણ દૈવસમાન સેવા કરવા લાગી અને ઘરના સર્વ કાર્ય આળસ વગર પૂર્ણ કરતી તેની પતિપરાયણતાથી મુગ્ધ બનીને પતિએ પોતાનો બધો કારોબાર તેને સોંપ્યો પોતાનું જીવન અને શરીર સોંપીને ત્રિવર્ગની સિદ્ધિ પ્રાપ્ત કરી મિત્રગુપ્તે કહ્યું. આથી જ હું કહું છું કે ગૃસ્થના પ્રિય અને હિત માટે તો ખરેખર તો પત્નીના ગુણો જ મહત્ત્વના છે.

### ૪. નિમ્બવતીની કથા

क: 'काम 'स्संकल्प '

અર્થાત્ ઈચ્છવાયોગ્ય શું છે ?" સંકલ્પ

બ્રહ્મરાક્ષસના આગ્રહથી મિત્રગુપ્તે 'સંકલ્પ'નો મહિમા કરતી વાર્તા કહી. સૌરાષ્ટ્રના તલભીપુરન ગૃહગુપ્ત નામના નાવિકોના સરદારને રસ્તવતી નામે પુત્રી હતી. મધુમતી નગરનો બલભદ્ર નામનો વૈશ્ય તેને પરણ્યો. નવોઢા સાથે એકાંતમાં સુરતક્રિડા દરમિયાન તે નવસવી હોવાથી તેણે રતિક્રિડામાં વિઘ્ન ઊભું કર્યું, આ સામાન્ય બનાવને ગંભીરતાથી લઈને બલભદ્રે પત્નીનો ત્યાગ કર્યો. હવે સ્વજનો અને અન્ય લોકો તિરસ્કારથી રત્નવતીને નિમ્બવતી કહેવા લાગ્યા. પતિ સુખથી વંચિત થયેલી અને પ્રસ્તાતી રત્નવલીએ સંન્યાસિનીની મદદથી પતિની પુનઃપ્રાપ્તિ માટે એક યોજના બનાવી.

તે યોજના મુજબ રત્નવતીના પડોશમાં રહેતી અને તેના જેવા જ રૂપ અને અવયવોવાળી તેની સખી કનકવતીની આગાશીમાં તે બરાબર સુંદર રીતે તૈયાર થઈને દડાથી રમશે. આ સમય દરમિયાન સંન્યાસિનીએ બલભદ્રને ત્યાં લાવવી. તે નજીક આવતાં તેની તરફ દળે ફેંકશે. ત્યારે તેણીએ તેને કહેલું કે "વણિક શ્રેષ્ઠ નિધિપતિદત્તની આ સુપુત્રી તમારી પત્નીની સખી છે અને તે રત્નવતીના બનાવના બહાને તમારી નિંદા કરે છે. આ દો શત્રુઘન હોવાથી તેને પાછો આપણો તે દડો પાછો આપવા આવશે ત્યારે તે આલિંગનથી તેને પ્રેમાસક્ત કરશે અને તક મેળવીને તેની સાથે નાસી જશે. આ યોજના પૂરેપૂરી સફળ થઈ. બલભદ્ર રત્નવતીને નવતી માનીને તેને લઈને નીકળી ગયો અને ખેટકપુરમાં વસવા લાગ્યો.

તેઓએ રસ્તામાં એક દાસીને સાથે લીધી હતી. ત્યાં બલભદ્ર થોડી ઘણું ધન કમાયો. એકવાર રત્નવતીએ દાસી સાથે અણબનાવ થતાં તેને પહેલાં રત્નવતીએ કરેલી કેટલીક રહસ્ય વાતો જાહેર કરી દીધી લોભી દંડનાયક બલભદ્ર ઉપર કનવતીને ભગાડી લાવવાનો આરોપ મૂકી તેની મિલકત જપ્ત કરવાનું ફરમાન કર્યું. મુશ્કેલીમાં મુકાઈ ગયેલા પતિને કનકવતી બનેલી રત્નવતીએ સાચી હકીકત જણાવી તેના પિતા વગેરેની સાક્ષી લાવવા જણાવ્યું. સમગ્ર હકીકત જાણી તેનો પિતા પોતાની પુત્રી અને જમાઈ રાજને હર્ષપૂર્વક લઈ ગયો. બલભદ્ર હવે રત્નવતીને વધુ ઉત્કટતાથી ચાહવા લાગ્યો. આથી આ કવિ આ કથા દ્વારા એવું કહેવા માર્ગે છે કે ઈચ્છવાયોગ્ય તો સંકલ્પ છે.

નિતમ્બવતી કથા

किँ दुष्करसधना: 'पश्रा ll

અથાર્ત દુષ્કર કાર્યને કરનાર શું છે ?

**૫. 'બુધ્દ્ર'**

દુષ્કર કાર્ય સાધનાર બુધ્દ્ર છે. એ દર્શાવવા માટે મિત્રગુપ્ત બ્રહ્મ રાક્ષસને આ વાર્તા કહી છે. શૂરસેન પ્રદેશમાં મથુરા નગરમાં કોઈ એક ઉત્તમ કુળમાં જન્મેલો અને નૃત્યગીતાદિ કલાઓમાં નિપુર્ણ યુવક રહેતો હતો. તે વેશ્યાઓમાં આસક્ત રહેતો. તે પોતાના મિત્રો માટે અનેક લોકો સાથે અનેક ઉપદ્રવ્યો કર્યા કરતો. તેથી લોકો એ તેનું નામ કલર્કટક પાડ્યું હતું. એકવાર તેણે એક ચિત્રકાર પાસે સુંદર યુવતીનું ચિત્ર એયું અને તે તેની પર આસક્ત થઈ ગયો. તેણે ચિત્રકાર પાસેથી જાણી લીધું કે તે ઉજ્જયિનીના અનંતકીર્દિ નામના વેપારીની પત્ની નિતંબવતીનું ચિત્ર હતું. કામળિવશ બનેલો તે જેપીનો વેશ રચી ત્યાં પહોંચ્યો. ભિક્ષાને બહાને તેને ઘેર જઈ તેને જોઈને તે વધુ કામાતુર બન્યો. નગરના આગેવાનો પાસેથી તેણે સ્મશાનરક્ષક તરીકેની નોકરી પ્રાપ્ત કરી લીધી. ત્યાં શો પરનાં વસ્ત્રો વગેરે આપીને તે એક જૈન ભિન્નીને ખુશ કરવા લાગ્યો. તેની મારફતે તેણે નિતંબવતીને એકાંતમાં મોકલાવ્યો. પરંતુ તળે ભિક્ષુણીને ધમકાવી કાઢી. તે કુલીન સ્ત્રીને શીલભ્રષ્ટ કરવી દુષ્કર છે એમ જાણતા હલકટકે બીજી યુક્તિ કરી. એક દૂતીને નિતંબી પાસે મોકલીને કહેવડાવ્યું કે સાધ્વીએ તો તમારા ચારિત્યની પરીક્ષા કરતી હતી તમારી વિશદ્ધ સ્વભાવથી પ્રસન્ન થઈ તે તને સંતાનવાળી જોવા ઈચ્છે છે. પરંતુ તારો પતિ કોઈ દુષ્ટ ગ્રહથી પીડિત છે અને પાંડુરોગથી ગ્રસ્ત છે. ગ્રહદોષ દૂર કર્યા સિવાય સંતાનપ્રાપ્તિ અશક્ય છે. હું રાત્રે એક્લી વૃક્ષવાટિકામાં આવજે ત્યાં એક ત્રિશ તારા ચરણને ગુપ્તરીતે મંત્ર આપશે. જે વડે તારા પતિના વક્ષસ્થળમાં પ્રહાર કરતાં તે વીર્યથી પુષ્ટ 'દેવી'ની માફક માનવા લાગશે.

પુત્રપ્રાપ્તિથી લલચાઈને તે પતિવ્રતા રાત્રે ત્યાંપહોંચી મત્રજ્ઞ બનેલા કલહકંટકે તેના પગમાંથી એક છે. ઝાંઝરું ખેંચી લીધું અને તેની જાંઘ ઉપર ઘસરકો કર્યો અને પછી નાસી ગયો. તે ગભરાઈ ગઈ અને કશું પણ બોલ્યા વીના પસ્તાવામાં ચાલી ગઈ. ચારેક દિવસ આરામ કરવાના બહાને સૂઈ ગઈ. લુચ્ચો ક્લર્કટ તે ઝાંઝરું લઈને વેચવા માટે તેના પતિ પાસે જ ગયો તેણે પત્નીનાં ઝાંઝરોં અંગે અને તેની પ્રાપ્તિ અંગે પૂછ્યું તેણે મહાજન સમક્ષ જવાબ આપવા જણાવ્યું. અનંતકીર્તિએ પત્ની પાસે બે ઝાંઝરા મંગાવ્યાં તેણે એક વૃક્ષવાટિકામાં પડી ગયું છે. તેમ જણાવી બાકીનું એક ઝાંઝરું મોકલાવ્યું. મહાજન સમક્ષ કલકંટકે જણાવ્યું કે સ્મશાનમાં રાત્રે એક અર્ધ બળેલા શબને ખેંચતી સ્ત્રીના પગમાંથી તેણે આ ખેંચી લીધું છે તે સ્ત્રી તો છટકી ગઈ છે પણ હાથમાંથી છરી વડે તેની જાંઘમાં એક ઘસરી હું કરી શક્યો છું" તપાસ કરતાં આ સ્ત્રી ઉપસંહાર અનંતકીર્તિની પત્ની હોવાનું જણાયું. તેથી નગરના બધા લોકોએ એકમતથી નિર્ણય કર્યો કે આ અનંતકીર્તિની પત્ની ડાક્યું છે. તેના પતિએ તેનો ત્યાગ કર્યો. નિર્દોષ નિતંબવતી ત્રાસીને આપઘાત કરવા સ્મશાનમાં ગઈ. લુચ્ચા કલકંટકે તેને પગે પડીને અનેક રીતે આશ્વાસનો આપી મનાવી લઈને પોતાને વશ કરી લીધી. આ કથામાં કવિ એવું કહેવા માગે છે કે કઠિન બાબતને સિદ્ધ કરવાનું સાધન પ્રજ્ઞા ગણાય છે. આમ, મૂળ કથા પ્રમાણે મિત્રગુપ્તે આપેલા ઉત્તરો અને તેની દૃષ્ટાંતકથાઓ સાંભળીને બ્રહ્મરાક્ષસ તેની પર પ્રસન્ન થયો.

1. ઉપરોક્ત દર્શાવેલ પ્રથમ કથામાં કાર્મી સ્ત્રીનું હૃદય કેટલું બધું ક્રૂર હોય છે તેનું આપણને સ્પષ્ટ રીતે આ ભૂમિનીની કથા ઉપરથી જણાઈ આવે

2. ધૂમિનીની કથાની વિરુદ્ધમાં ગોમિનીની કથામાં જોવા મળે છે. જે બધી જ સ્ત્રીઓ ગુણવગરની નથી હોતી તે આ ગોમિનીની કથા ઉપરથી સિદ્ધ થાય છે. એક ગુણવાન સ્ત્રી પોતાના પતિ સહિત આખા કુટુંબને કેવી રીતે સન્માર્ગે દોરે છે તે આ ગોમિનીની કથામાં જોવા મળે છે.
3. નિમ્બવતી કથામાં સંકલ્પનો મહિમા દર્શાવવામાં આવ્યો છે જેમાં કોઈપણ મનુષ્ય પોતાની યોજના પ્રમાણે જે કંઈ મેળવવા માટે સંકલ્પ કરે છે તે હંમેશા સફળ બને છે. જેનું અહીં આ કથામાં દર્શન થાય છે.
4. નિતમ્બવતી કથામાં દુષ્કાર્યને સિદ્ધ કરવા માટે પ્રશાનું કેટલું મહત્ત્વ હોય છે. તેની વાસ કરવામાં આવી છે.

**૫. ઉપસંહાર**

આમ દશકુમારમાં પ્રાપ્ત ઉપરોક્ત ઘટનાઓ આમ તો દેવયોગે બનેલી હોય એવું લાગે છે.પરંતુ આ દરેક કથાઓમાંથી આપણને અલગ અલગ સંદેશો આપવા માટે અહીં દંડીએ અથાગપ્રયત્નો કરી માનવજીવનને ઉપયોગી બને તેવી સુંદર કથાઓનું નિરૂપણ કરેલ છે.

**સંદર્ભસૂચિ**

૧. दशकूमारचरित સરસ્વતી પ્રકાશન અધતન આવુતી -૨૦૦૨-૨૦૦૩
૨. रुग्वेद –सुत्कावली' સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-પ્રથમ આવૃત્તિ -૨૦૧૨ -૨૦૧૩